

## પ્રાથમિક સુવિધાઓને મુદ્દે પાલનપુર પાલિકામાં વોર્ડ નં.૩ની મહિલાઓનો હલ્લાબોલ

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા નગરજનોને કાળઝાળ ગરમી માં પીવાના પાણી, સફાઈ અને રોડ સહિતની પ્રાથમિક સુવિધાઓ આપવામાં પણ ઉણી ઉતરી રહી છે. ત્યારે આજે વોર્ડ નં.૩ની મહિલાઓ પાલિકા કચેરીએ ધસી આવી હતી. આ મહિલાઓએ ચીફ ઓફિસરનો ઘેરાવ કરી હલ્લાબોલ કરતા વાતાવરણ ઉત્તેજનસભર બની ગયું હતું. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં પણ નાકામ રહી હોવાની રાવ ઉઠી છે. શહેરના વોર્ડ નં.૩ના રહીશો ભર ઉનાળે પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે. ત્યારે પીવાના પાણી, બિસ્માર રોડ અને ગંદકીના ઢગ તળે ગંધાઈ ઉઠેલા રહીશો આજે પાલિકા કચેરીએ દોડી આવ્યા હતા. સ્થાનિક નગરસેવિકા આશાબેન રાવલની આગેવાની તળે ૧૦૦ થી ૧૫૦ મહિલાઓના ટોળાએ હલ્લાબોલ કરી ચીફ ઓફિસરના ચેમ્બરમાં ઘુસી જઈ તેઓને આડે હાથ લીધા હતા. મહિલાઓનો આક્રમક રૂખ પારખી જઈ ચીફ ઓફિસર ૫ મિનિટમાં આવું છું કહી પલાયન થઈ ગયા હતા. જોકે, ચીફ ઓફિસરની પલાયનવાદી નીતિ સામે રોષે ભરાયેલી મહિલાઓ બપોરના સાડા ૩ વાગ્યા સુધી સી.ઓ.ની ચેમ્બરમાં જ બેસી રહી હતી. દરમિયાન, ચીફ ઓફિસર આવતા તેઓનો ઉધડો લઈ ઉકળાટ ઠાલવ્યો હતો. અને પોતાની માંગણીઓ નહીં સંતોષાય તો ભૂખ હડતાલ પર ઉતરી જન આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી. આમ, વોર્ડ નં.૩ ની મહિલાઓ રણચંડી બની બતાવેલા મિજાજથી ખુદ સી.ઓ.સહિતના પાલિકાના શાસકો ડઘાઈ ગયા હતા.

# હિંમતનગરમાં પીએસઆઈની પત્નીએ પિસ્તોલથી લમણે ફાયર કરી આત્મહત્યા

## પીએસઆઈના પરસ્ત્રી સાથેના સંબધોને પગલે કરી પત્નીએ આત્મહત્યા

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર શહેરના મહાવીરનગરમાં પેલેસ રોડ પર આવેલ વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા અને મહેસાણાના વસાઈ પોલીસ મથકના પીએસઆઈ તરીકે ફરજ બજાવતા ચંદ્રેશ નાયકની શિક્ષીકા પત્નિએ હિંમતનગર સ્થિત ઘરે બુધવારે ૧૧.૩૦ વાગેના સમયે પીએસઆઈ પતિની સર્વિસ પીસ્તોલ થી માથાના ભાગે ફાયર કરીને આત્મહત્યા કરી લીધી હતી. પીએસઆઈ પતિને આડો સંબંધ હોવાને લઈને પત્નિએ પીએસઆઈ પતિના ત્રાસને લઈને આખરે આત્મહત્યા કરી લીધી હતી.આ અંગે હિમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશને પીએસઆઈ વિરુદ્ધ ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે પીએસઆઈ ચંદ્રેશ નાયક હાલ મહેસાણાના વસાઈ પોલીસ મથકમાં ફરજ બજાવે છે.પીએસઆઈ ચંદ્રેશ નાયકે પરસ્ત્રી સાથે આડો સંબંધ જારી રાખતા આ મામલે તેની પત્ની સાથે અનેક વાર તકરારો સર્જાઈ રહી હતી અને જેને લઈને આ તકરાર કરુણ અંજામે પહોંચી હતી.જેને લઈને બુધવારે શિક્ષીકા પત્નિ ગીતાબેન -



ઉવ.૩૮ એ પોતાના પતિ ચંદ્રેશ નાયકને ફોન કરતા વારંવાર ફોન વ્યસ્ત આવતા મૃતક પત્નીને આશંકા જન્મી હતી કે તે તેમના આડા સંબંધને લઈને ફોનમાં વ્યસ્ત છે અને જેના કારણે આખરે પીએસઆઈ પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી.પીએસઆઈ ચંદ્રેશ નાયકની પત્નીએ પતિની જ સર્વીસ પિસ્તોલ વડે જ પોતાના માથાના ભાગે ફાયર કરીને આત્મહત્યા કરી લીધી હતી. જોકે હવે આ ઘટનાને લઈને સ્થાનિક પોલીસ તપાસ હાથ ધરી છે અને જીલ્લા પોલીસ વડા પ્રવિણ માલ સહીત અધિકારીઓ પણ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને તપાસ હાથ ધરી હતી જેમાં સૌથી મુંઝવતો સવાલ પોલીસ માટે એ બન્યો હતો કે એક પોલીસ અધીકારી પોતાની સર્વીસ રીવોલ્વર પોતાના ફરજ પર અન્ય જીલ્લામાં હતો તો ઘરે કેમ મુકી હતી. તો વળી સર્વીસ રીવોલ્વર ઘરે જ ભુલી ગયો તો પોલીસ અધીકારી ક્યારેય ના ભુલે એવી સર્વીસ રીવોલ્વર પોલીસ મેન્યુઅલ પ્રમાણે સુરક્ષીત રીતે હંમેશા સાથે રહે અને તે ભુલી જવાની ભુલ એ અશક્ય હોવા છતા શક્ય જ કઈ રીતે બની શકે એ તે સવાલ પોલીસને માટે તપાસનો મુખ્ય મુદ્દો બની ગયો છે. તો આ સવાલ સાથે બીજો સવાલ પોલીસને એ પણ તપાસ માટે પ્રેરી રહ્યો છે કે શુ ભુલાયેલી પિસ્તોલ એ ઘરેલુ ઝઘડો પીએસઆઈ ઘરે થી નિકળ્યા ત્યારે આક્રમક સ્વરુપ મા હોય અને જાણી જોઈને પીસ્તોલને ઘરમાં લોડ કરેલી હાલતમા જ મુકી રાખી હશે કે કેમ તે તમામ બાબતો પર પોલીસે હવે તપાસ નો સીલસીલો આરંભ્યો છે અને પોલીસે પણ આ જ સવાલોના જવાબ થી આખીય ઘટનાનુ સ્વરુપ બદલી તેવા હોઈ એ તપાસને તેજ બનાવવા માટે જીલ્લા પોલીસની ટીમોએ પીએઆઈ ચંદ્રેશ નાયકની ઝીણવટભરી પુછપરછ હાથ ધરી છે.

# શામળાજી ચેકપોસ્ટ પાસેથી ૪૦થી વધુ ગેરકાયદેસર દબાણો હટાવાયા

ભિલોડા,તા.૨૦

ભિલોડા તાલુકાના શામળાજી પંથકમાં આવેલ શામળાજી આર.ટી.ઓ.ચેકપોસ્ટ પાસેથી ૪૦





થી વધુ ગેરકાયદેસર દબાણો હટાવાયા નાના-મોટા વેપારીઓ બેરોજગાર બની ગયા હતા.આજે તો આજીવિકાનો પ્રાણ પ્રશ્ન સર્જાયો છે.વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા વર્ષોથી ગેરકાયદેસર રીતે અડીંગો જમાવી બેઠેલા લારી-ગલ્લા વાળાઓના દબાણો હટાવાયા હતાં ત્યારે વેપારીઓની રોજી-રોટી છીનવાઈ જતાં ભારે મુશ્કેલીમાં મુંકાયા હતા.

ભારત દેશની પ્રથમ ડિઝીટલ શામળાજી ચેકપોસ્ટ ઉપર ફોલ્ડરો ધ્વારા ૨૪ કલાકમાં બે વાર હુમલો કરવાના કરવાના કારણે વહીવટી તંત્ર ધ્વારા અવાર-નવાર ફોલ્ડરો ધ્વારા થતા હુમલાને રોકવા માટે સફાળુ જાગ્યું હોય તેમ શામળાજી આર.ટી.ઓ.ચેક પોસ્ટ પાસેની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી હાથ ધરાતાં કહીં ખુશી કહીં ગમના દ્રશ્યો સર્જાયા હતા.

વહીવટી તંત્રના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ૨૫ થી વધુ પોલીસ ગાડીઓનો કાફલો, વ્રજ, વોટર કેનન સહિતના વાહનો ખડકી દેવામાં આવ્યા હતા.૩ ડી.વાય.એસ.પી., ૧૦ પી.એસ.આઈ., ૧૫૦ પોલીસ જવાનો, એસ.ડી.એમ., મામલતદાર, તલાટી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળ ઉપર દબાણ હટાવવાની કામગીરી દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા.દબાણ હટાવવાની કામગીરી ઝુંબેશમાં ૫ જે.સી.બી.ની મદદ લેવાઈ હતી. શામળાજી આર.ટી.ઓ.ચેકપોસ્ટ ઉપર વર્ષો જુનું ફોલ્ડરોનું સામ્રાજ્ય હટાવવા અને ફોલ્ડરો થતા હુમલાઓને રોકવા માટે ગેરકાયદેસરના દબાણો હટાવવાની ઝુંબેશ હાથ ધરાઈ હોવાનું જાણવા મળેલ છે. શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટ ઉપર સુરક્ષા વધારવાની કામગીરી હાથ ધરાઈ છે. દુકાનો, હોટલો, લારી-ગલ્લાના દબાણો હટાવાતાં નાના-મોટા વેપારીઓની રોજી-રોટી છીનવાઈ જતાં આજે તો આજીવીકાનો પ્રાણ પ્રશ્ન સર્જાયો છે. શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટ પાસે ગેરકાયદેસર દબાણો હટાવવાની કોઈ પણ નોટીસ આપ્યા વગર દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે આર.ટી.ઓ. કચેરી બનાવતી વખતે જે-તે સમયે જે લોકોએ જમીનો આપી છે તે જમીનોનું વળતર આજ દિન સુધી ચુંકવાયું નથી તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

# ધાનેરા પોલીસ દ્વારા દારૂ ભરેલી ગાડી સાથે બેની ધરપકડ

ધાનેરા પોલીસે ધાનેરા વિસ્તારમાંથી દારૂ ભરેલી ગાડી સાથે બે લોકોની ધરપકડ કરી ૬ લાખથી વધુનો મુદ્દમાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ધાનેરામાં નવા આવેલા પી આઈ શ્રી જી એલ ચૌધરીને ખાનગી રાહે બાતમી મળેલી કે રાજેસ્થાનથી દારૂ ભરી એક ગાડી ગુજરાત તરફ આવી છે રહી ત્યારે જી એલ ચૌધરી પોતાના સ્ટાફ સાથે જીવાણા ત્રણ રસ્તા પાર નાકાબંધી સામેથી આવતી નંબર વગરની ગાડીની તલાશી તેમાંથી વિદેશી દારૂની પેટી નંગ ૨૪ મળી આવ્યા હતા. જેની કિંમત ૧ લાખ ૨૯ હજાર અને ગાડી ની કિંમત ૫ લાખ કુલ મળી ૬ લાખ ૨૯ હજાર નો મુદ્દામાલ સાથે કમલેશભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ અને ચંદ્રકાન્તભાઈ ગોવિંદભાઈ પટેલ બંને રહે અંબિકાનગર, મેઘાણીનગર અમદાવાદની ધરપકડ કરી હતી. કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અત્યારે તો ધાનેરા પોલીસે લખો રૂપિયાના મુદ્દમાલ સાથે બે લોકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે પરંતુ આ લોકોએ દારૂ ક્યાંથી લાવ્યો અને અને ક્યાં લઈ જતા હતા તે તો પોલીસ તાપસ બાદ જ બહાર આવશે.





## મોહનપુર ગામ પાસે મેક્સ જીપ-ટ્રેક્ટર ટકરાતાં ૧નું મોત, ૧૧ ઘાયલ

ભિલોડા પાસેના મોહનપુર ગામ પાસે મેક્સ જીપ પલટી ખાતા ૧૧ મુસાફરો ગંભીર રીતે ઘવાયા હતા.જેમાં ૧ વૃધ્ધ મહિલાનું કરૂણ મોત નિપજતાં ટાકાટુકા ગામ સહિત રાવળ સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી.આ ઘટનાની મળતી માહિતી મુજબ ટાકાટુકા ગામથી સામેરા મેક્સ જીપ લઈ લોકાચાર અર્થે જઈ પરત આવતાં ભિલોડા પાસેના મોહનપુર ગામ પાસે બપોરના ૧:૩૦ ના સુમારે મેક્સ જીપ અને ટ્રેક્ટર સામસામે ટકરાતાં મહિન્દ્રા મેક્સ જીપ નંબર.જી.જે.૦૯.બી.ડી.૩ ૩૫ર ના ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ એકા-એક ગુમાવી દેતાં જીપ રોડની સાઈડના ખાડામાં પલટી ખાતા ૧૧ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતાં જેઓને ભિલોડા કોટેઝ હોસ્પિટલ,હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડાયા હતા. આ ઘટનામાં જીપમાં બેઠેલા રાવલ અળખીબેન કચરાભાઈ ઉંમર.વર્ષ-૬૫ નું મૃત્યું થયાનું જાણવા મળેલ છે.

## માલણમાં પત્નીએ સાથે આવવાની ના પાડતા યુવકે ઝેર પીધું

પાલનપુર ના માલણ ગામે લગ્નપ્રસંગ મા એક યુવકે ઝેર ગટગટાવી લેતા દોડધામ મચી ગઈ હતી. જે યુવકને ગંભીર હાલત મા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. મૂળ પાટણના નાયતા ગામનો એક યુવક પાલનપુર તાલુકાના માલણ ગામે લગ્નપ્રસંગમાં આવ્યો હતો. જે યુવક ના લગ્ન ડીસા થયેલા હોઈ આ યુવકે ડીસા જઈ ને પત્નીને લગ્નપ્રસંગે લઈ જવાની વાત કરી હતી. પરંતુ પત્નીએ સાથે આવવાની ના પાડતા આ યુવક ને લાગી આવતા માલણ ગામે આવી ઝેર પી લીધું હતું.

# આજથી ખેરાલુ ખાતે જેનરીક દવાઓનો સ્ટોર આરંભાશે

મહેસાણા, તા. ૨૦

મહેસાણા જિલ્લાના ખેરાલું ખાતે શ્રી રામનાની કમલકુમાર ઓધવદાસ ખોખરવાડા ખાતે જેનરીક દવાઓનો સ્ટોર રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરના હસ્તે ખુલ્લો મુકાયો હતો. જેનરીક દવાની માત્રા અસરકારતા સુરક્ષિતતા ગુણવત્તા તથા ઉપયોગમાં લેવાની રીત બ્રાન્ડેડ દવા જેવી હોય છે. રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતુંકે રાજ્યમાં પ્રથમ તબક્કામાં ૫૨ દુકાનો શરૂ કરાઈ હતી. આ ઉપરાંત ૫૦૦ થી વધારે સ્ટોર્સ ખુલ્લો મુકવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. ગુજરાતમાં સસ્તી અને ગુણવત્તાયુક્ત જેનેરીક દવાઓ દર્દીઓને મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં જેનેરીક મેડીસીનના મેડિકલ સ્ટોર્સ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના પ્રજાજનોને સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે.

સંસદીય સચિવ ભરતસિંહ ડાભીએ જણાવ્યું હતું કે આરોગ્ય સારવાર દરમ્યાન દવાઓનો ખર્ચ સામાન્ય રીતે વધુ આવતો હોય છે ત્યારે ગુજરાત સરકારે પહેલ કરીને કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્યમાં જેનરીક મેડીસીનના મેડીકલ સ્ટોર્સ શરૂ કરવા માટે એક ડીઝાઈન બનાવી સમયબદ્ધ આયોજન કર્યું છે.

# પ્રાંતિજ મામલતદાર કચેરીમાં લાંબા સમયથી છ જગ્યાઓ ખાલી

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં કેટલાંય મહિનાઓથી મામલતદાર કચેરીમાં મામલતદાર સહિતની ખાલી પડેલ સ્ટાફની જગ્યાઓ કાયમી ભરવામાં ના આવતાં મામલતદાર કચેરીમાં કામે આવતાં લોકોને ગરમીમાં પરેશાનીઓનો સામનો કરવો પડે છે અને જેમનાં શિરે ચાર્જ છે તેવાં કેટલાક અધિકારીઓ ચાર્જનો દુરુપયોગ કરતાં હોવાનું અને અધિકારીઓની તાનાશાહીનો લોકોને કડવાં અનુભવો થઈ રહ્યાં છે.



સરકાર દ્વારા લાખ્ખો કરોડો રૂપિયાના ખર્ચે અદ્યતન લોકહિતના કામો સહિત લોક કામો માટે બનાવવામાં આવેલ તાલુકા સેવાસદન ખાતે આવેલ મામલતદાર કચેરીમાં છેલ્લાં કેટલાંય સમયથી મામલતદાર સહિતની અધિકારીઓની ખાલી પડેલ છ જેટલી જગ્યાઓ ભરવામાં ના આવતાં હાલતો લાખ્ખોનો કરોડોનો ખર્ચ કરેલ કચેરીઓમાં મુખ્ય અધિકારીઓ સહિતના અધિકારીઓના હોવાથી પ્રાંતિજ સહિત તાલુકાનાં લોકો ના કામ રખડી પડ્યા છે અને પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે આવેલ મામલતદાર કચેરી ખાતે ખુદ મામલતદારથી માંડીને નાયબ મામલતદાર, પુરવઠા, વહીવટી સહિતના નાયબ મામલતદારોની છ જેટલી મેન જગ્યાઓ ઘણાં સમયથી ખાલી છે અને ઓફિસમાં ફરજ બજાવતા અધિકારીઓ પાસે બે થી ત્રણ ચાર્જ ઠોકી દેવામાં આવ્યાં છે જેને લઈને મામલતદાર કચેરીમાં કામે આવતાં લોકોને છેલ્લાં કેટલાય મહિનાઓથી આ ટેબલ ઉપરથી પેલા ટેબલ ઉપર અને છેવટે થાકીને લોથપોથ થઈ ને વિલા મોંઢે પરત ફરવાનો વારો આવ્યો છે અને અધિકારીઓ પણ બે- ત્રણ ચાર્જને લઈને ત્રાહિમામ પોકારી ઉઠયા છે ત્યારે કેટલાક અધિકારીઓ દ્વારા કચેરીમાં કામે આવતાં લોકો જોડે તાનાશાહી અને તોછડું વર્તન કરીને કહે છે કે મારી પાસે ત્રણ ચાર્જ છે મારે થોડું તમારાં કામને લઈને બેસી રહેવાનું છે મારે બીજા પણ કામ હોય તેવી વાહિયાત વાતો કરી કચેરીનાં કામે કચેરીમાં આવતાં લોકો ને ઉલ્લું બનાવી ટેબલ ઉપર ગપ્પાં મારતાં નજરે પડે છે ત્યારે કેટલાક નિષ્ઠાવાન અધિકારી કચેરીનાં ટાઈમ પછી અને પહેલાં પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવતાં જોવાં મળ્યાં છે ત્યારે હાલતો છેલ્લાં કેટલાય સમયથી ખાલી પડેલ જગ્યાઓ કાયમી ભરવામાં ન આવતાં પ્રાંતિજ સહિત તાલુકાનાં લોકોને કચેરીના કામોને લઈને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને કચેરીમાં અડધો કલાકની કામની જગ્યા ચાર થી પાંચ મહિનાં સુધી બેસી રહેવાનો વારો આવ્યો છે. અને કચેરીના વિવિધ કામોને લઈને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે આવનાર દિવસોમાં ચુંટણીઓ નજીક આવતાં કચેરીમાં કામ કરે છે તે અધિકારીઓ પણ ચુંટણીની કામગીરી ને લઈને વ્યસ્ત રહશે. જેથી ઓફીસના કામો ઉપર વધુ બ્રેક લાગશે ત્યારે સત્વરે ખાલી પડેલ જગ્યાઓ ભરવામાં આવે તેવી પ્રાંતિજ તથા તાલુકાનાં લોકોની માંગ ઉઠવા પામી છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું ખાલી પડેલ મહત્વની છ જગ્યાઓ ભરવામાં આવશે કે કેમ એ તો હજુ જોવાનું રહ્યું.



## પાલનપુરની હોટલમાં રાજકોટના યુવાનની આત્મહત્યા

જિલ્લા મથક પાલનપુરમાં રાજકોટના યુવાનએ હોટલમાં આત્મહત્યા કરી દેતા ચકચાર મચી ગઈ હતી. ગઈકાલે પાલનપુર હાઈવે પર આવેલ કેપલ હોટલમાં રાજકોટના રહેવાસી નરેન્દ્ર નાથાભાઈ પરમાર હોટલના રૂમમાં રોકાયા હતા. આજે સવારે રૂમની સફાઈના સમય વારંવાર બેલ મારવા છતાં દરવાજો નહિ ખોલતા હોટલના મેનેજરએ રૂમની અન્ય ચાવીથી દરવાજો ખોલ્યુ તો રાજકોટનો યુવક પંખા સાથે લટકેલી મૃત હાલતમાં નજરે પડી હતી. હોટલના સંચાલકે પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી મુર્તકની તપાસ હાથધરી તેના પરિવારનો સંપર્ક કરી આ બનેલી આ ઘટનાની જાણ કરી હતી.